सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૪ | ૧૦ | ૨૦૨૫ |
| નિકાલ તારીખ : | ૦૨ | ૦૬ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૭ | ૧૯ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ-૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

**FORM - A**

| મે. અંકલેશ્વરનાં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી વી. આર. સોલંકી ) સાહેબની કોર્ટમાં , અંકલેશ્વર , જી.ભરૂચ.<br>આંક:-<br>(જજમેન્ટ તારીખ- ૦૨/૦૬/ ૨૦૨૬)<br>ક્રિમીનલ કેસ નં- ૪૧૪૩/૨૦૨૫<br>(અંકલેશ્વર શહેર'બી' ડિવીઝન પોલીસ સ્ટેશન, ગુ.ર.નં-૧૧૧૯૯૦૬૧૨૫૦૬૫૨/૨૦૨૫)<br>ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૮૧,૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબ. | |
|---|---|
| **ફરીયાદી:-** | **શ્રી સરકાર.<br>(મૂળ ફરીયાદી- રાજન સંજય સિંઘ)** |
| ફરીયાદપક્ષ તરફે :- | વિ. આસીસ્ટન્ટ પબ્લીક પ્રોશીક્યુટર<br>શ્રી એસ.વી. પટેલ |
| **આરોપી:-** | **સંદીપ S/O અશોકભાઈ હડીયા**<br>રહે. ડી-૧/૨૦૨ સ્ટાર હોમ, જુના કોસાડ રોડ, કોસાડ, તા.જી.સુરત |
| આરોપી તરફે :- | વિ.વ.શ્રી એન.બી. પરમાર |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ- | ૨૮/૦૭/૨૦૨૫ |
| એફ.આઈ.આર.તારીખ- | ૨૮/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ- | ૦૯/૧૦/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ- | ૨૫/૦૩/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ- | ૨૧/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદો અનામત રાખ્યા તારીખ- | **૦૨/૦૬/ ૨૦૨૬** |
| ચુકાદા તારીખ- | **૦૨/૦૬/ ૨૦૨૬** |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**-::આરોપીની વિગત::-**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુક્ત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ-૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંદીપ S/O અશોકભાઈ હડીયા | -- | -- | ભારતીય ન્યાય સંહિતા કલમ - ૨૮૧ ,૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ- ૧૭૭,૧૮૪ | નિર્દોષ | - | લાગુ પડતુ નથી. |

**FORM - C**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:-**

**એ - ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:-**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | રાજન સંજય સિંહ | ૦૫ | ફરીયાદી |

**બી - બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:-**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | ---- | --- |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:-**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | ---- | --- |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**
**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદ |
| ૨ | ૦૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

**બી- બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

**સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:-**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

***-::ચુ કા દો ::-***

**કેસની ટુંકી વિગત:-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી હુંડાઈ આઈ ૧૦ રજી.નં. જીજે-૦૫-સી.કયુ.-૮૬૬૨ ના ચાલકે પોતાના કબજામાની ગાડી ને.હા.નં.૪૮ ઉપર અંકલેશ્વર થી ભરૂચ તરફ જતા રોડ ઉપર માંડવા ટોલનાકાથી કેબલ બ્રિજ વચ્ચે ને.હા.નં.૪૮ ઉપર તા.૨૮/૦૭/૨૦૨૫ ના કલાક ૧૮:૦૦ વાગ્યાના અરસામાં ટોલપ્લાઝા ક્રોસ કરી ભરૂચ તરફ આગળ જતા દરમ્યાન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફરીયાદીની બ્રેઝા ગાડી નં.

જીજે–૧૬–ડી.જી. ૯૨૬૯ સાથે પાછળથી અથડાવી અકસ્માત કરી ફરીયાદીની બ્રેઝા ગાડીને ડ્રાઈવર સાઈડે ગાડીના પાછળના ભાગે બમ્ફર વાળી જગ્યાએ નુકશાન કરી, ભારતીય ન્યાય સંહિતા કલમ–૨૮૧, ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી વિરૂધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રાજન સંજય સિંહની જુબાની | ૦૫ |
| ૨ | ફરીયાદ | ૦૬ |
| ૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૦૮ |

(૪) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું

આંક– ૯ જાહેર કરવામાં આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનુ બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવુ જરૂરી જણાતુ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**–:: મુ દા ઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપી હુંડાઈ આઈ ૧૦ રજી.નં. જીજે–૦૫–સી.કયુ.–૮૬૬૨ ના ચાલકે પોતાના કબજામાની ગાડી ને.હા.નં.૪૮ ઉપર અંકલેશ્વર થી ભરૂચ તરફ જતા રોડ ઉપર માંડવા ટોલનાકાથી કેબલ બ્રિજ વચ્ચે ને.હા.નં.૪૮ ઉપર તા.૨૮/૦૭/૨૦૨૫ ના કલાક ૧૮:૦૦ વાગ્યાના અરસામાં ટોલપ્લાઝા ક્રોસ કરી ભરૂચ તરફ આગળ જતા દરમ્યાન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફરીયાદીની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬ – ડી.જી. ૯૨૬૯ સાથે પાછળથી અથડાવી અકસ્માત કરી ફરીયાદીની બ્રેઝા ગાડીને ડ્રાઈવર સાઈડે ગાડીના પાછળના ભાગે બમ્ફર વાળી જગ્યાએ નુકશાન કરી, ભારતીય ન્યાય સંહિતા કલમ–૨૮૧, ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

–:: કા ર ણો ::–

**મુદા નં. ૧:–**

(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૫ થી ફરીયાદી રાજન સંજય સિંહ નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ગઈ ળતા.૨૮/૭/૨૫ ના રોજ બનેલો. બનાવના રોજ સાડા પાંચ વાગે તેઓના નાના ભાઈ વિજયની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–ડી.જી.૯૨૬૯ ની લઈને તેઓની એપલ પ્લાઝામા આવેલ ઓફીસ થી ભરૂચ ખાતે ગાયત્રી મંદીરના સ ેડનુ કામ ચાલતુ હોવાથી તેઓના મીત્ર સંકેતરાય સાથે આશરે છ વાગે નીકળેલા અને માંડવા ટોલ નાકાથી નર્મદા કેબલ બ્રીજ વચ્ચે તેઓની ગાડી બે નંબરની લાઈન ઉપર ચાલતી હતી તે વખતે પાછળથી એક ફોર વ્હીલ ચાલકે પોતાની ગાડીને તેઓની ગાડી સાથે અથાડી દેતા તેઓની ગાડીને ડ્રાઈવર સાઈડના પાછળના ભાગે નુકશાન થયેલુ જેગાડીનો નંબર તેઓને હાલ યાદ નથી. ત્યારબાદ તેઓની ગાડીને શો રૂમમા રીપેરીંગનો ખર્ચ પુછતા અંદાજે દશ હજાર જેટલો જણાવેલો જેથી તેઓએ અંકલેશ્વર બી ડીવી. પો.સ્ટે. ખાતે અકસ્માતમા તેઓની

ગાડીને નુકશાન થયેલ હોવાથી ફરીયાદ આપેલી જે ફરીયાદીની ખરી નકલ તેઓને બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવતા હોય જેને આંક-૬ થી રજુ રાખેલ છે. સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ પોતાની પોલીસ રુબરુની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

સદર ફરીયાદી બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, બનાવ કોની ભુલના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી. તેઓની ગાડીને જે નુકશાન થયેલ તેના સંપુર્ણ ખર્ચની રકમ તેઓને મળી ગયેલ છે. તેઓ આ કામના આરોપીને જોયેથી ઓળખી શકે નહી કે તેઓને અકસ્માત કરનાર ગાડીનો નંબર પણ યાદ નથી. તેઓને હાલની ફરીયાદ આગળ ચલાવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

**<u>પુરાવાનું પૃથ્થકરણ:-</u>**

**(૧૦).** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક-૫ થી તપાસેલ ફરીયાદીની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો, બનાવ કોની ભુલના કારણે બનેલો તે તેઓ કહી શકતાન હોવાનુ તેમજ, તેઓની ગાડીને જે નુકશાન થયેલ તેના સંપુર્ણ ખર્ચની રકમ તેઓને મળી ગયેલ હોવાનુ તેમજ, તેઓ આ કામના આરોપીને જોયેથી ઓળખી શકે નહી કે તેઓને અકસ્માત કરનાર ગાડીનો નંબર પણ યાદ ન હોવાનુ તેમજ, તેઓને હાલની ફરીયાદ આગળ ચલાવવી નથી કે વધુ કોઈ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ આપેલ હોવાનુ જણાવે છે. આ સિવાય

ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને તપાસેલ નથી અને આંક–૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. ફરીયાદીએ ખુદ આંક–૯ વાળી ફરીયાદની વિગતોને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વધુમાં, સદર કામે રેકર્ડ ઉપર આંક–૮થી ગુનાવાળી જગ્યાનું પંચનામું બચાવપક્ષની સંમતિથી રજુ થયેલ છે. પરંતુ ફરીયાદપક્ષે રજુ મૌખિક પુરાવા પરથી બનાવ હાલના આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે થયેલ હોય અથવા તો બનાવ સમયે હાલના આરોપી અકસ્માત વાળુ વાહન ગફલતભરી રીતે ચલાવતા હોય કે આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકીકત ફલીત થતી ન હોય સદર દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરુપ થઈ શકે તેમ ન હોય તેની વિશેષ ચર્ચા કરવી જરુરી જણાતી નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્ર મબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીંને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી **સંદીપ S/O અશોકભાઈ હડીયા** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા કલમ– ૨૮૧, ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૦૨ જી , માહે. જુન , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૨/૦૬/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વિજયકુમાર આર. સોલંકી)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ ,
અંકલેશ્વર , જીલ્લો–ભરૂચ.
**કોડ નં.જી.જે.૦૧૧૬૫**